સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૫–૭–૨૦૨૪ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૭–૧–૨૦૨૪ ના પત્ર નં.સીમીસ/૮/૨૭ થી વિદિત થઈ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૪ (મોટાવરાછા–ઉત્રાણ)(ત્રીજો ફેરફાર)નો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ ની કલમ–૪૨(૧) હેઠળ મુસદ્દો પ્રસિધ્ધ કરવાનું તથા સામેલ અધિસુચન મંજુર કરવાનું તથા તેને આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી કરવાનું તથા આ માટે તમામ જરૂરી કાર્યવાહી / પત્ર વ્યવહાર કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૮/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા. –૭–૨૦૨૪.

*CSP*

FOR INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૫–૭–૨૦૨૪ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૧૨–૬–૨૦૨૪ ના પત્ર નં.સીમીસ/૮/૧ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ સમિતિની સભામાં ચર્ચા વિચારણા કર્યા બાદ અરજદારશ્રીની તા.૧૯–૦૨–૨૦૨૪ ના પત્રથી કરેલ રજુઆત, પ્રશ્નહેઠળની જગ્યાઓમાં અપાયેલ વિકાસ પરવાનગી, સ્થળ સ્થિતિ, શહેર વિકાસ(મધ્યસ્થ) ખાતાના તા.૦૪–૦૬–૨૦૨૪ના પત્ર તથા સેકશન અધિકારીશ્રી, શહેર વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગનો તા.૦૭–૦૩–૨૦૨૪ નો પત્ર ધ્યાને લઈ, પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં.૨૯ (રૂંઢ–વેસુ–મગદલ્લા), ફા.પ્લોટ નં.૪૮+૪૯ માં અગાઉ અપાયેલ વિકાસ પરવાનગીઓ તથા સ્થળે થયેલ બાંધકામ/સ્થળ સ્થિતિ મુજબ ફા.પ્લોટ નં.૪૮+૪૯ નું આયોજન જાળવી રાખવા તથા તે અનુસાર મંજુર પ્રિલીમનરી ટી.પી.સ્કીમ મુજબના ફા.પ્લોટ નં.૪૮+૪૯ ના આયોજન/હદ/માપમાં રહેલ ક્ષતિ દુર કરવા/સુધારો કરવા તથા તેને આનુસાંગિક લાગુ ખાનગી માલિકીના ફા.પ્લોટ નં.૫૦ તથા ૫૧/૩/૨ તથા સમુચિત સતા મંડળ સુરત મહાનગરપાલિકાના અનામત અંતિમખંડ નં.૧૪૧(એસ.ઈ.ડબલ્યુ.એસ.એચ.) ના આયોજનમાં આનુસાંગિક ફેરાફાર/પુનઃરચના કરવા દરખાસ્ત સાથે સામેલ પત્રવ્યવહારના પાના નં.૧૮૯ થી ૧૯૩ પર સામેલ સુચિત વેરીએશન દર્શાવતા નકશા તથા એરીયા સ્ટેટમેન્ટ મુજબ પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં.૨૯(રૂંઢ–વેસુ–મગદલ્લા) માં ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૭૦ ની જોગવાઈ હેઠળ વેરીએશન કરવા અંગે નામ.સરકારશ્રીમાં દરખાસ્ત સાદર કરવાનું તથા તે અંગેની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૯/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

---

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.     –૭–૨૦૨૪.

FOR INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

## સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૫–૭–૨૦૨૪ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતોઃ–

:: :: :: ::

મ્યુ. કમિશ્નરશ્રીના તા. ૨૪–૩–૨૦૨૩ ના પત્ર નં.સીમીસ/૮/૨૮ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ સમિતિની સભામાં ચર્ચા વિચારણા કર્યા બાદ મોજેઃ પાલનપોર ખાતે "સ્ટેડીયમ" ના જાહેર હેતુ માટે એક જથ્થે જમીનો પ્રાપ્ત કરવાના કામે સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૩૪૫/૨૦૧૩, તા.૨૯–૦૫–૨૦૧૩ તથા તે અન્વયે સુરત મહાનગરપાલિકા અને ખાનગી જમીન માલિકો વચ્ચે થયેલ કરાર, કબજા ફેરફારના અનુસંધાને આ સાથે પત્ર વ્ય.વિ.ના પાના નં.૫૯૭ થી ૬૦૬ પર સામેલ નકશા તથા એરીયા સ્ટેટમેન્ટમાં દર્શાવ્યા મુજબ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૯ (પાલનપોર–ભેંસાણ) માં ફા.પ્લોટ નં.૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦ વાળી ખાનગી જમીનો તથા એપ્રોપીએટ ઓથોરીટી સુરત મહાનગરપાલિકાને જાહેર હેતુ માટે ફાળવેલ અનામત અંતિમ ખંડ નં. ૧૫૪, ૧૫૬ પૈકી, ૧૬૬, ૧૬૯, ૧૭૧, ૧૭૩, ૧૭૮ પૈકી, ૧૭૨ પૈકી, ૧૭૦ પૈકી તથા ૧૫૮ જમીનોના પરસ્પર સ્થાનફેર, આયોજન/પુનઃરચનામાં ફેરફાર કરવા તથા સુચિત વેરીએશન મુજબના અનામત અંતિમ ખંડ નં.૧૫૪, ૧૫૬/બી, ૧૬૬, ૧૬૯, ૧૭૧, ૧૭૩, ૧૭૮/બી, ૧૭૨/બી, ૧૭૨/સી, ૧૭૦/બી તથા ૧૫૮ ને "સ્ટેડીયમ/સોશિયલ ઈન્ફ્રા." ના જાહેર હેતુ માટે તથા અનામત અંતિમખંડ નં.૧૭૦/એ, ૧૭૨/એ તથા ૧૭૮/એ ને સોશિયલ ઈન્ફ્રા. ના જાહેર હેતુ માટે હેતુફેર કરવા તથા સદર ફેરફાર કરવા માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૭૧ ની જોગવાઈઓ હેઠળ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૯(પાલનપોર–ભેંસાણ) માં વેરીએશન કરવા તથા સદર વેરીએશન કરવા માટે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો જરૂરી પરામર્શ મેળવવા તથા સરકારશ્રી સાથે પત્ર વ્યવહાર કરવા સહિતની આગળની તમામ આનુસાંગિક કાર્યવાહી માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૨૦/૨૦૨૪ સર્વાનુમતે મંજુર.

———————————————

સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૭–૨૦૨૪.

*CSP*

FOR INFORMATION PURPOSE ONLY

"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."